## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*પ્રેમની અભિવ્યક્તિને પ્રતીકની જરુર નથી,*
*પરોવાયાં પ્રેમે એને પૂરવાની જરુર નથી,*
*વાત્સલ્ય વહે હૈયામાં તો વાચાની જરુર નથી,*
*સ્નેહ તો નીતરે છે આંખોમાં, પાંખોની જરુર નથી*
*(વેલેન્ટાઈન ડે સ્પેશિયલ)*

હાઈકુ

*મોંઘી ભેટમાં,*
*અંકાય છે કિંમત -*
*અહીં પ્રેમની...*

*ત્યાગ-અર્પણ,*
*આશા કે ન અપેક્ષા -*
*નિઃસ્વાર્થ પ્રેમ...*

### ચિંતન

**નીતિજ્ઞો દેશકાલૌ પરીક્ષેત ।**

'ચાણક્યનીતિ શાસ્ત્ર'નું આ સૂત્ર છે :

'વ્યવહાર કુશલ - બુદ્ધિવંતે પ્રથમ સ્થળ-કાળનું નિરીક્ષણ-પરીક્ષણ કરી પછી જ પગલું ભરવું કે કોઈને સલાહ-સૂચન કરવાં.'

સમજુ-વ્યવહાર કુશળ વ્યક્તિ કદાપિ આંધળુકિયા નથી કરતી. કોઈ પણ સાહસ નિર્ણય-પગલું ભરતાં પહેલાં - સ્થળ-કાળ અને પરિસ્થિતિનો વિચાર કરી, પૂર્વાપર પરિણામોનું અનુમાન કરી - સાચવીને સાવધાનીપૂર્વક નિર્ણય લેવામાં આવે.

જ્યારે કોઈ વ્યક્તિ ઘમંડી-સ્વભાવે અને તોછડી અને સત્તાની ખૂમારીમાં હોય ત્યારે એને કોઈ સલાહ-સૂચન કરે એ એને ગમતું નથી. આવી પરિસ્થિતિમાં કોઈને સલાહ આપતાં પૂરો વિચાર કરવો.

રાવણને તેના સસરા માલ્યવંત અને વિભિષણ સલાહ આપવા ગયા તો અપમાન સહન કરવું પડ્યું...

### સુવિચાર

- હે ઈશ્વર, તે બધાં જ સંજોગો મારા કલ્યાણ માટે સર્જયા છે એવી મારી શ્રદ્ધા અમર રહો - **શ્રી અરવિંદ**
- નિરાશાવાદ નાશને નોતરે છે, નિરાશા એક મોત છે,
  જે રિબાવી રિબાવીને મારે છે - **સ્વેટ માર્ડન**
- ઘણાં પુસ્તકો વાંચ્યા છે પણ જમાનામાં ખાધેલ બુઝુર્ગ જોડેનો પ્રત્યક્ષ વાર્તાલાપનું મહત્ત્વ
  મારે મન અધિક છે - **શાહબુદ્દીન રાઠોડ**
- માથું ભલે ગમે તે દિશામાં હોય, હૃદય દિશામાં હોવું જ જોઈએ - **વર્ગીસ કુરીયન**
- આપણી સાથે બનતી ઘટના નહીં પણ તે ઘટનાનો પ્રતિભાવ આપણને બેચેન બનાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લહેરોં સે ડરકર નૌકા પાર નહીં હોતી...
  કોશિશ કરને વાલોં કી કભી હાર નહીં હોતી - **હરિવંશરાય બચ્ચન**
- આજનું ઔષધ : એક ચમચી એરંડિયું નવશેકું, ગરમ કરી તેના ટીપા નાકમાં નાખવાથી બંધ નાક તરત ખુલી જાય છે.

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

ઘણીવાર આપણે આપણા ઈષ્ટ-ભગવાન સાથે પણ મજાક-છેતરપીંડી કરી-લુચ્ચાઈ કરીએ છીએ. જાણે ભગવાન કંઈ સમજતો જ ન હોય તેમ. દા.ત. મને ભીંડા-રીંગણાં ભાવતાં જ ન હોય તો - મિત્રની માંદગીમાંથી સાજા થવા જાહેરમાં હું બાધા લઈ લઉં. જ્યાં સુધી મિત્ર સાજો નહીં થાય ત્યાં સુધી - રીંગણાં-ભીંડા નહીં ખાઉં' આમાં, ભગવાન, મિત્ર અને અંતરાત્માની સાથે છેતરપીંડી છે.

મિલિટરીમાં એક ડ્રાઈવરે દાઢી દસ-પંદર દિવસ કરી નો'તી. માર્શલ દ્વારા તેને કેપ્ટન પાસે રજૂ કરવામાં આવ્યો. કેપ્ટને પૂછ્યું અલ્યા ! શિસ્ત વિરુદ્ધ કેમ વર્તન કરે છે?

ડ્રાઈવર કહે - આ મહિનામાં જ મારી પત્નીને ડીલીવરી આવવાની છે. મેં બાધા રાખી છે બાળકનું મોંઢુ જોઈને પછી જ દાઢી કરીશ!

કેપ્ટન હસ્યા - કહ્યું, આને બાધા ન કહેવાય, તું તારા આળશ ન પોષવા આવી બાધાનું બહાનું બનાવે છે, ખરેખર તો બીડી પીવાની, ચા પીવાની કુટેવ છોડવાની બાધા રાખવી જોઈએ. કોઈ બાબતનો શોખ કે વ્યસન છોડવું એ જ સાચી બાધા છે.

## 'ઢાઈ અક્ષર પ્રેમકા' પઢી લેવાનું પર્વ

## તંત્રીસ્થાનેથી...

વેલેન્ટાઈન તો સંતનું નામ છે. સંત કોઈ પ્રત્યે રાગદ્વેષ ન રાખે. એના હૈયે જીવમાત્ર માટે પ્રેમ જ પ્રેમ હોય. આજે દુનિયા આખી પ્રેમોત્સવની ઉજવણી કરે છે અને સંત વેલેન્ટાઈનને એમના બલિદાન માટે યાદ કરે છે. તે જમાનામાં જેનો નિશેષ હતો એવાં પ્રેમીઓને પરણાવીને સંત વેલેન્ટાઈનને એક સંન્યાસી તરીકે મોટી સામાજિક ક્રાંતિ કરી હતી. આપણે ત્યાં છેક હમણાં સુધી પ્રેમલગ્નો પ્રત્યે સુગાળવી નજરે જોવાની પરંપરા હતી. સમાજ ચીલાચાલુ રૂઢિઓને વળગી રહેવા ટેવાયેલો હોય છે. પ્રેમપંથ તો પાવકની જવાળા છે. એમાં સમર્પણ જ હોય, વેઠવાનું જ આવે. પરંતુ સાચાં પ્રેમીઓ તો મોતને મૂઠીમાં લઈને ફરતાં હોય. એ કંઈ જમાના આગળ ઘૂંટણિયે પડીને પ્રેમી સાથો દગો ન કરે. પ્રેમ પાછળ ફના થઈ જનારાં શેણી વિજાનંદ, શીરીં ફરહાદ કે હીર રાંઝા આટલાં વર્ષો પછી પણ લોકહૈયા પર રાજ કરે છે. વેલેન્ટાઈન કે આવા શુદ્ધ પ્રેમને પુરસ્કારવાનું પર્વ છે. પરંતુ આપણા કેટલાક સાધુ સંતો અને ધર્માધ્યક્ષો એને ખ્રિસ્તી પરંપરામાં ખપાવી દઈને અશ્લીલતાને પર્યાય માની બેઠા છે. ઈસ્લામી દુનિયામાં પણ વેલેન્ટાઈન ડેની ઉજવણીનો આકરો વિરોધ થતો રહ્યો છે. આમ જુઓ તો નરનારીનો પ્રેમ એ તો શાશ્વત માંગલ્યમયી ઘટના છે. આ પ્રેમ એ જ ઈશ્વર. ગાંધીજી સત્યને ઈશ્વર કહે છે, કેટલાક ફિલસૂફો સત્ય અને પ્રેમને ઈશ્વરનો પર્યાય માને છે : લવ ઈઝ ગૉડ. ટ્રુથ ઈઝ ગૉડ. મોરારિ બાપુ સત્ય, પ્રેમ, કરૂણાની જ પ્રશસ્તિ કરતા રહે છે. પ્રેમ જેવી કોઈ પવિત્ર જણસ ન હોઈ શકે. પરંતુ આપણા જુનવાણી પરંપરાવાદી લોકો સાચા પ્રેમની કદર કરવાને બદલે પ્રેમીઓ પર જુલમ ગુજારે છે. હરિયાણામાં સગોત્ર પ્રેમીઓ સામે ખાપ પંચાયતો કડક સજાઓ ફરમાવતી રહે છે. ખુદ સરકાર પણ એમને રક્ષણ નથી આપી શકતી. કેટલાક ચોખલિયા લોકો વળી વેલેન્ટાઈન ડે ને બદલે માતાપિતાના સત્કારની ઉજવણી કરવાની સુફિયાણી સલાહ આપે છે. આમાં માતાપિતા પ્રત્યેના આદર કરતાં પ્રિયપાત્રના અનાદરનાં જ દર્શન થાય છે. કબૂલ, માતાપિતાની સેવા કરવી જ જોઈએ, એમને જરા પણ ઓછું આવે એવું ન થવું જોઈએ. પરંતુ એનો અર્થ હરગિજ એવો ન જ કરાય કે પ્રીતિપાત્ર કે મિત્ર માટેની તિથિને માતાપિતાના સમ્માનની તિથિમાં ફેરવી દેવાથી આપણે વધારે સુસંસ્કૃત ગણાઈશું. પશ્ચિમની સંસ્કૃતિમાં માતાપિતા માટે પણ જુદા જુદા પ્રસંગોનું આયોજન છે જ. સુધારો કરવો હોય તો એટલો જરુર કરી શકાય કે 'વેલેન્ટાઈન' માત્ર વિજાતીય વ્યક્તિ જ ન હોઈ શકે. એને એક ગુલાબનું ફૂલ આપી વહાલથી કહીએ એ આજનો દિવસ તારા નામે! જરુર એથી એક ઓશિયાળો જીવ હરખાશે. વેલેન્ટાઈન દિવસની ઉજવણીના નામે અશ્લીલ હરકતો કે બીભત્સ પ્રદર્શન થતાં હોય તો એ જરુર અટકાવીએ. પરંતુ નિર્દોષ પ્રેમચેષ્ટા સામે ક્રૂરતા કરવાનું પાપ તો ન જ કરીએ. પ્રેમથી મોટું કોઈ સત્ત્વ નથી, તત્ત્વ નથી... પ્રેમથી મોટી કોઈ સંપદા નથી. એ પ્રેમના ઓચ્છવમાં હવનમાં હાડકાં ન જ નાખીએ. મર્યાદા જરુર જળવાવી જોઈએ, પણ પ્રેમ અને પ્રેમીની ગરિમા અને સમ્માન સચવાવાં જોઈએ. કબીર જેવા સંતને પણ કહેવું પડ્યું છે કે ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય. પ્રેમકટારી વાગે છે એનું આખેઆખું અસ્તિત્વ ઈશ્વરમય બની જતું હોય છે. મીરાંબાઈ માટે કૃષ્ણ એમના વેલેન્ટાઈન હતા. બોલો, તમારું વેલેન્ટાઈન કોણ છે? બનવાજોગ કે એ બે વરસનું અબુધ શિશુ પણ હોય!

## બહુઉપયોગી વૃક્ષ : ખેર

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર



'એકેશિયા કેટેચ્યુ' વૈજ્ઞાનિક નામ અપાયું છે. તેવા ખેરના વૃક્ષથી મોટા ભાગના લોકો તેને જોઈને ઓળખતાં નથી પરંતુ તેના ઉપયોગથી બહુ મોટી સંખ્યામાં લોકો તેને જાણે છે.

પુખ્ત ખેરના ઝાડના થડના મધ્ય ભાગમાંથી ઘાટા લાલ રંગનું કે કથ્થાઈ રંગનું લાકડું મળે છે. જેનો પાવડર 'કાથા' તરીકે ઓળખાય છે અને આ એ જ કાથો છે જે પાનના ગલ્લાઓ પર પલાયેલો હોય તો પાનમાં અને ગુટકામાં કોરો વપરાય છે. તેના તુરાશપણાના સ્વાદ અને મોં લાલ કરવાના ગુણને પ્રતાપે તેની મુખવાસમાં અનિવાર્યતા થઈ ચુકી છે. તેના આ જ ઉપયોગને કારણે તેની સમગ્ર દેશમાં ખુબ જ મોટા પ્રમાણમાં માંગ છે અને તેના પરિણામે આજે ખેરના પુખ્ત વધુ આયુષ્ય ધરાવતા વૃક્ષો મળવા દુર્લભ થઈ ચુક્યા છે. ખેરના વૃક્ષોના લાકડાનો કરોડો રૂપિયાનો ધંધો હવે ગેરકાયદેસર રીતે થઈ રહ્યો છે.



મુખ્યત્વે સુકા પ્રદેશોમાં અતિ બારિક વાંકા કાંટાવાળા અને ખીજડાના વૃક્ષ જેવા ઝીણા પાન ધરાવતાં બાવળ જેવો દેખાવ ખેરના વૃક્ષોનો હોય છે. ગુજરાતમાં લગભગ બધા જ વિસ્તારોમાં ખેર ઉગી શકે છે, જોવા મળે છે. તેમ છતાં દક્ષિણ ગુજરાતનું વાતાવરણ તેની વૃદ્ધિમાં વધુ માફક આવે છે. તેના વાંકા અણીદાર કાંટાનો આકાર બિલાડીની નખ જેવો લાગે છે આ કારણે તેના નામમાં કેટેચ્યુ **Catechu** શબ્દ ઉમેરાયો હોવાનું કહેવાય છે.

ખેરનું લાકડું ઘણું મજબૂત મનાય છે. તે ઈમારતી લાકડામાં ઉપયોગી છે. ખેરના લાકડાની વળીઓ, સોટીઓ, તંબૂની મેખોમાં વાપરી શકાય છે. લાકડાનો ઘાટો કથ્થાઈ ભાગ ડાંગર છડવાના સાંબેલા અને હથિયારોના હાથા કે હળમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

આપણાં આયુર્વેદમાં ખેર ધોળો, રાતો અને દુર્ગંધ એમ ત્રણ જાતનું વર્ણન કરાયું છે. ખેરના લાકડાને હવનમાં સમાધિ તરીકે વાપરવામાં આવે છે. ખેરના વૃક્ષમાંથી મળતો ગુંદર પણ ઉત્તમ મનાય છે. તે મધુર, બલદાયક અને ધાતુવર્ધક હોઈ શક્તિવર્ધક દવાઓમાં તે વપરાય છે. ખેર રસ પાચક, કડવો, તૂરો, રક્ત શુદ્ધ કરનાર છે. કફ, પિત્ત, કૃમિ, વ્રણ, કોઢ, કડૂ, તાવ, સોજા, ઉદરસ, મધુપ્રમેહ, આમ, અરૂચિ, પાંડુ, અને રક્ત હોયનો નાશ કરનાર છે. આ રીતે જોતાં તે કેટલા બધા રોગોમાં ઉપયોગી છે તે સમજી શકાય તેમ છે.

'ચરક' સંહિતામાં કોઢ ખેરને કોઢનાશક તરીકે વર્ણવાયો છે. સુશ્રુતમાં તેને મેદહર, કૃષ્ઠનાશક અને મેદશોષણ કર્તા માનેલ છે. આ ગ્રંથમાં કાથાને સ્તંભક કહેવાયેલ છે.



રૂઝ લાવનાર અનેક મલમોમાં કાથો વાપરવામાં આવે છે. તોફાની થયેલા ઘોડાને કાથાનો રસ પીવડાવવાથી તે શાંત થાય છે. ગળા અને કફ માટેની 'ખદિરાદીવટી'ની ગોળીઓ આપણે લેતાં હોઈએ છીએ. તેમાં 'ખદિર' શબ્દ સંસ્કૃત છે જે ખેર વૃક્ષ માટે વાપરવામાં આવેલ છે.

ખેરની છાલ, થડ, પાંદડાં, એમ તમામ ભાગો ઉપયોગી છે. મુખ્યત્વે તેમાં ટેનીન નામનું દ્રવ્ય હોય છે જે તેને આ ગુણો બક્ષે છે. આપણી આસપાસ અતિ ઉપયોગી આ પ્રકારના મહ્ત્ત્વના વૃક્ષો કે વનસ્પતિઓને આપણે ઓળખતાં પણ નથી હોતાં તો પછી તેને બચાવવાને કે સાચવવાની વાત કરવી પણ અસંભવ જણાય છે.

## આય લબ યુ - રીલોડેડ...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય



'યે ઈશ્ક નહિ આસાન ઈતના ભી સમજ લીજીયે..ઈક આગ કા દરિયા હૈ ઔર ડૂબ કે જાના હૈ...'' ખબર નહિ ગાલીબચાચા ક્યા દરિયા ને કઈ આગની વાતું કરી ગયા પણ ઓલ થિંગ ઈઝ ઘેટ કે ભૈયા પરેમમાં પડે ઈ આવા દરિયા - ફરિયા ને આગુ-બાગુની ક્યા ચીન્ત્યા કરે છે હે ??? એ તો એય ને ઠોકર પે જમાના હૈ લલકારતા લલકારતા આવા કૈક દરિયા - જન્ગલું - આગ - ફાગને ઉડાડતા નીકળી પડતા હોય છે. એની જાયતને આમાં પહેલો પેટા પ્રશ્ન ફરજીયાત ઈ છે કે પ્રેમમાં 'પડ્યા ' કેમ કહેવાતું હશે ??? ઈન જનરલ તો માણસ પ્રેમમાં પડે તો હવામાં ઉડતો થઈ જતો હોય છે... કે પછી પ્રબુદ્ધોની ભાષામાં કહું તો પ્રેમમાં તો માણસ ઉભો થતો હોય છે - વિસ્તરતો હોય છે - પૂર્ણ થતો હોય છે...!!! ખ્વાબો કે પર લગાકે લગભગ 'હર ઘડી બદલ રહી હૈ ખ્વાબ જિંદગી ' ની જેમ રોજ હવાર એના માટે તો એય ને બોઈંગથી ય વધુ ઝડપે ને એનાથી પણ વધુ ઉપર આકાશી ખ્વાબ જોવાનો સમય હોય છે...ને હવાર જ હું કામ ને ભાય ? પ્રેમમાં તો બપ્પોર....રોંઢો...હાંજ...રાત ને મધરાત બધુય હરખું જ !!!! 'ખ્વાબો કે દિન હૈ ઔર ખ્વાબોકી રાતે...' ની જેમ નીતનવા સપનાઓ અને આશાઓ (પારેખો વગરની) નો સમયગાળો એટલે જ્યારથી બોલાયા કે પછી સંભળાયા આ ઢાઈ અખ્ખર પ્રેમકા...'' આય લબ યુ...''...' હું તને પ્રેમ કરું છું...''

' એકાદ હોય તો એને છુપાવી શકું મરીઝ, આ તો પ્રેમ છે એના પુરાવા હજાર છે..'' મરીઝ્સાય્બ સાચું ભણી ગ્યા... પ્રેમ થાય એની ખબર ખુદને પછી ને ફળિયા, શેરી, સોસાયટી, કોલેજ કે ગામને પહેલા થઈ જાય. ત્રીજી શેરીની છોડી સાતમી શેરીના છોરા હાયરે સીસીડી કે સીનેમેક્ષમાં કેટલા વાગે હતી એની ખબર ટ્રેનના ટાઈમ ટેબલ કરતા પણ વધુ સચોટ રીતે સોસાયટીની સીસીટીવી જમાતના રજીસ્ટરમાં નોંધાયેલી મળી જ જાય. સો વ્હોટ ?? આ તો આઈ લવ યુ ની રમત..એને આવી નજરબંધીમાંથી' ચાહે લાખ તુફા આયે...ચાહે જાન ભી અબ જાયે...' ને મંત્ર બનાવીને હોહરવું નીકળતા આવડે જ... રીઝન...? ફરીથી વાંચો આ મેજિકલ ત્રણ શબ્દ '' આઈ લવ યુ '...અર્થાત હે પ્રિય કે પ્રિયતમા 'હું ' તને પ્રેમ કરું છું. ' હું ' - ' આઈ' - પહેલો પુરુષ એકવચન...!!!! હવે વાત જ્યાં 'હું' જેવી અંગત થઈ જતી હોય ત્યાં ચાહે ગમે એટલા સીસીટીવી ચાલુ હોય તોય શુ થઈ ગયું ? ધેય આર એન્ડ ધેય વિલ બી સિમ્પલી ઈગ્નોરડ...( ફોરએવર ) !!! ભાડ મેં જાય દુનિયા....!!! ... દુનિયા ગઈ ચુલામાં...!!!

''પ્રેમ એટલે ખુલ્લા પરબીડીયામાં મુકેલો સરનામાં વિનાનો પત્ર...'' અલ્યા ભાઈ/બુન એવું કઈ નથી હોતું. એમ તે કાઈ સરનામાં વગરના પત્રો એના ઠેકાણે પહોચતા હશ્શે? નાં પહોચે ભૂરા...ના પહોચે. પ્રેમમાં સરનામું પહેલા આવે...' એક અજનબી હસીના સે યુ મુલાકાત હો ગઈ....આમાયે ભલે અજનબી તો અજનબી પણ હસીના નામે ઠામ-ઠેકાણું તો છે જ કે નહિ..બિલકુલ એ જ રીતે - પ્રિયાની આંખમાં ઘેરાતું કાજળ....એના કપાળ પર થઈને કાનની બુટ્ટીઓની આસપાસ લહેરાતી લટ...ઘડી ઘડી તીરછી નજર ફેકીને ઝુકી જતી નજરો...ઈટીસી ઈટીસી આ બધા સરનામાં નથી તો શુ છે વારુ ? તમને થયું હશે કે આમાં તો ખાલી પ્રિયાના સરનામાઓની જ વાત કરી પ્રિયતમનું શુ ? એનો શુ વાંક ? એનો શુ ગુનો ? પણ હે સુજ્ઞ વાચકો એનું એક કારણ છે. અમેરિકાની પેન્સીલ્વીનીયા યુનીવસીટી દ્વારા થયેલા એક સંશોધન - કમ - સર્વેમાં એવું જાણવા મળ્યું છે કે પ્રેમ કે આકર્ષણના લગભગ ૬૮% કેસ માં 'આઈ લવ યુ' પહેલા હમેશા પુરુષ જ કહે છે. અબ આઈ બાત સમજમે...? અમેરિકાની જ વાત નીકળી છે તો થોડાક વર્ષ પહેલા અમેરિકાના જ ડોરી હોલેન્ડર નામના એક માનસશાસ્ત્રીએ પુરુષો ક્યા ક્યા જુઠ વધુ બોલે એનું સંશોધન કરેલું . જીગર પર હાથ રાખીને વાંચજો કે એમાં પ્રથમ નંબરે હતું પુરુષો દ્વારા બોલાતું વાક્ય - ''આઈ લવ યુ ''...હાચું-ખોટું ડોરી જાણે પણ અમથાય પ્રેમમાં પુરુષો જ વધુ હરખુડા ને ગાર્ડન ગાર્ડન થઈ જતા હોય છે...!!! ખોટું હોય તો મૂકી જોવો તમારા દિલ પર હાથ....!!!! સહી જવાબ વહી સે મિલેગા બીડું....!!!!!

સાયરામભાઈ ભલેને રમૂજમાં એમ કહે કે પ્રેમ એટલે વહેમ...પણ ઘણા કેસમાં હાળુ આવું પણ થતું હોય હવે આમાં વહેમ કઈ બાંજુ છે એના પર પ્રેમનો આધાર નક્કી થાય, આ પેલું વન-વે લવ ને એકતરફી ઈશ્ક કે એવું કૈક કહે છે ને એ જ આ વહેમ . પણ આવા ' વહેમી' કિસ્સાઓમાં પણ આપણે હળવેથી પેલા કે પેલીને બરડે કે માથે હાથ ફેરવીને પૂછીએ તો તરત કહેશે ''આજકાલ આવા હસીન વહેમ પણ ક્યા કોઈને થાય છે ?''... ઘણાને આવા વહેમમાં રહેવું પણ ગમે. પ્રેમ છે કે વહેમ એના કરતા પ્રેમ અને એનો કેફ પછી ભલેને હૈયાના હાઈવે પર પ્રેમનો ટ્રાફિક વન-વે જ દોડતો હોય તો પણ શુ થયું ?-પ્રેમ એટલે પ્રેમ !!!!

વાસંતી વાયરા વહેવા લાગ્યા છે અને પશ્ચિમી વેલેન્ટાઈન મહારાજના મહોત્સવનો આજે છેલ્લો દિવસ છે ત્યારે એક વસ્તુ તો નોંધનીય છે જ કે પૂર્વની હોય કે પશ્ચિમની સંસ્કૃતિ અને બંને સંસ્કૃતિના જુદી જુદી રીતે ઉજવાતા તહેવારો હોવા છતાં પણ કોમન પ્લેટફોર્મ બંનેનું એક જ છે....પ્રેમ-લવ- ઈશ્ક-મહોબ્બત...!! હા એ વાત અલગ છે કે આજકાલ પ્રેમના આ મહા-મહોત્સવનું વ્યાપારીકરણ થઈ ગયું છે. પણ એમાં શુ છે કે જેમ જેમ પેઢી બદલાઈ એમ એમ મહોત્સવો પણ બદલાય અને ઉજવણી પણ. આવી ક્ષુલ્લક બાબતોને અવગણીને યે પોઈન્ટ નોટ કિયા જાય યોર ઓનર કે પ્રેમ અને પ્રેમને વ્યક્ત કરવાનું અકબંધ - ધડાકાબંધ અને હિન્દી ફિલ્મું ની ભાષામાં કહીએ તો ધડલ્લે સે ચાલી રહ્યું છે...અને પ્રેમ તો બોલકો જ હોય...એ તો વ્યક્ત થતો રહે એ જ સારું..પ્રેમ મૂંગો રહે તો દિલમાં ડૂમો બાઝે....દેવદાસ થઈ જવાય ને એ ન થવાય તો સ્વર્ગવાસ થવાના ચાન્સીસ પણ વધુ રહે...!!!.કાર્ડ / ચોકલેટ / ગજરો કે ડીનર ડેટ આ અને આવું બધું તો એના માધ્યમ માત્ર છે ડીયર...મૂળ બેઝ કે પાયો છે પ્રેમ અને પ્રેમની રજૂઆત...તુ મને ગમે છે થી લઈને હું તને ચાહું છું સુધી વ્યક્ત થતો રહે એ જ પ્રેમ...આમાં સાચો કે ખોટો કે પછી સ્વીકારે છે કે તરછોડે એ તો પછીની વાત છે બબુઆ...સાચું તો છે વ્યક્ત કરવું!!! મતલબ માધ્યમ ગમે તે હોય... તહેવાર ગમે ત્યાનો હોય... દેશી વસંત હોય કે વિદેશી વેલન્ટાઇન પણ આ બધી જ રકમોનો લઘુતમ સાધારણ અવયવ યાની કી લ.સા.અ. છે પ્યાર...પાયો છે પ્યાર...અને આ અનમોલ પ્યારની પુકાર છે આઈ લવ યુ - હું તને ચાહું છું... પ્રેમ કરું છું !!!

હવે ૧૦૦ માર્કનો એક જ પ્રશ્ન - જવાબ આપવો ફરજીયાત : '' પ્રેમ એટલે....? ''... આગળ ગાલીબમીયાને યાદ કર્યા છે તો હવે એવા જ એક મહાન શાયરને પણ યાદ કરી લઈએ '' ખુસરો દરિયા પ્રેમકા ઉલ્ટી ઉસકી ધાર, જો ઉતરા સો ડૂબ ગયા જો ડૂબા વો પાર..'' ક્ન્ફ્યુંઝીંગ નથી લાગતું ? ઉતર્યો એ ડૂબી ગયો ને ડૂબી ગયો એ પાર લાગી ગયો..!!! પણ આમાં જ તો છે આ ૧૦૦ માર્કના પ્રશ્નનો જવાબ. પ્રેમમાં જે પડે કે ઉતરે એ સમજો કે ડૂબી ગયો પ્રેમના દરિયામાં...સિમ્પલ લેન્ગવેજમાં કહીએ તો ''ગયો કે ગઈ કામથી''... પ્રેમ એટલે ડૂબવું-ખોવાવું - એકરત

**અનુસંધાન પાના નં. ૭ પર**

## પોલીસ : વિલન કે હીરો? એક નવું સત્ય

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ



''પોલીસ'' શબ્દ સાંભળતા જ આપણા મનમાં કોઇ છૂપો ભય પ્રગટી ઊઠે છે. આપણે ઈચ્છતા હોઈએ છીએ કે આખા જીવન દરમિયાન કદી પોલીસ સાથે આપણો પનારો ના પડે કે પોલીસ સ્ટેશનના પગથિયાં ના ચડવા પડે. કારણ છે પોલીસ પ્રત્યે આપણા મનમાં પડેલી છાપ. આપણે સૌ પોલીસ પ્રત્યે હંમેશાં નિષ્ઠુરતાથી જ વિચારીએ છીએ. ઘરમાં પણ બાળકોને બાળપણથી 'પોલીસ'ની બીક બતાવીને એના કુમળા માનસમાં પોલીસ પ્રત્યેની નકારાત્મકતા ભરી દઈએ છીએ. એક અર્થમાં કહીએ કે પોલીસને આપણે ''વિલન'' માનીને જ જીવીએ છીએ. પણ માત્ર એટલું વિચારીશું કે આખા દેશમાંથી જો પોલીસ વ્યવસ્થા જ બંધ કરી દેવામાં આવે તો? આપણે જે રોજ રાત્રે આરામથી એ.સી. રૂમમાં પત્ની સાથે સુખચેનથી સુઈએ છીએ, આપણા બાળકો દરરોજ સવારે પતંગિયાની જેમ કુદતા કુદતા સ્કૂલે જાય છે કે આપણે દરરોજ ૧૦થી ૬ સુધી વિના મુશ્કેલીએ નોકરી કરી શકીએ છીએ કે સવારે ૯ થી રાત્રે ૧૦ સુધી દુકાને / કંપનીએ / પેઢીએ / હૉટેલે કે ફેકટરીએ બેસીને વેપાર ધંધો કરી શકીએ છીએ કે આપણે આપણી મમ્મી, દીકરી, બહેન કે પત્નીને લઈને વિના સંકોચે આખા દેશમાં હરવા-ફરવા જઈ શકીએ છીએ. આની પાછળના કારણો કદી વિચાર્યા છે? માત્ર અને માત્ર પોલીસ વ્યવસ્થા જ છે. આજે દરેક શહેરોમાં અસામાજિક તત્વો છે પણ તેઓ પોલીસને કારણે દબાયેલા રહે છે. હવે વિચારો કે દર મહિને પગારને દિવસે આવા તત્વો દ્વારા તમારો પગાર આંચકી લેવામાં આવે તો? ઘેરથી ગમે ત્યારે દીકરી-બહેનને ઉપાડી જવામાં આવે તો? વાત વાતમાં આપણી સાથે ગૂંડા તત્વો મારામારી પર ઉતરી આવે તો? આપણે જીવી શકીશું ખરા? પણ આ બધું ખુબ જ કંટ્રોલમાં છે. અરે આજે ગૂંડા તત્વોથી વધારે, સારા ઘરના '' સફેદ ગૂંડા''થી ડરવાનો સમય છે જેઓ સ્કૂલ-કોલેજ પાસે પોતાના અડ્ડા જમાવીને રોજ રોમિયોગીરી કરતા હોય છે. આવા શ્વેત વસ્ત્રોધારી તત્ત્વોને પણ પોલીસ કન્ટ્રોલ કરે છે. પકડે છે. અને જરૂર જણાય તો જેલ ભેગા પણ કરે છે. ત્યારે આપણે શાંતિથી આપણા સંતાનોને શિક્ષિત બનાવી શકીએ છીએ.

હા, ઘણી વખત પોલીસ ખુબ જ સખ્તાઇ પૂર્વક નિર્દોષ માણસો જોડે વ્યવહાર કરતી હશે પણ એ એની ફરજ છે. એ કાંઈ શિક્ષક તો છે નહી કે બધાને પ્રેમથી સમજાવે. એના હાથમાં લાકડી કે પિસ્તોલ એટલે જ આપવામાં છે કે ભીડને પણ કંટ્રોલ કરી શકે, એ સત્યનું રક્ષણ કરી શકે. પોલીસ દેશનાં સંવિધાનનું રક્ષણ કરે છે. એટલું જ નહી આપણા સામાજિક, પારિવારિક, સાંસ્કૃતિક રીત-રિવાજોની, ઉત્સવોની ઉજવણીની સફળતા અને સલામતિ પાછળ પોલીસ વ્યવસ્થા જ છે. આજે આપણે કે આપણા ઘરની સ્ત્રીઓ લગ્ન પ્રસંગે લાખો રૂપિયાના સોનાના આભૂષણો પહેરીને રસ્તા વચ્ચે નાચી શકે છે. જો પોલીસ જ ના હોય તો ? આભૂષણો સહિત આપણું ય અપહરણ થાય કે નહી? સીતાને તો રામ બચાવવા ગયા હતા પણ આપણને આપણા રામ બચાવવા આવે ખરા? એવો સવાલ દરેક સ્ત્રીઓએ પોતાના મનને પૂછવો જોઇએ. આપણી આવી સુરક્ષાનું શ્રેય આપણે પોલીસને કેમ નથી આપી શકતા? ઉલ્ટાનું કોઇ ઘટના વિશે જાણ્યા વિના આપણે પોલીસ વિરુદ્ધમાં સૂત્રોચ્ચાર કરવા લાગી જઈએ છીએ. મહિલા સંગઠનો, માનવ અધિકારવાદીઓ કે સામાજિક કાર્યકરો કે રાજકીય પક્ષો અને ખુદ મીડિયા પણ, બધા પોલીસ પાછળ લાગી જાય છે. આમ જોઈએ તો પોલીસની છવિ બગાડવામાં થોડે ઘણે અંશે મીડિયા અને ફિલ્મોનો પણ ફાળો છે.

આપણે ક્યારેય એ નથી વિચારતા કે ''પોલીસ'' પણ સૌ પ્રથમ માણસ છે એને પણ હદય છે. પત્ની-બાળકો-પરિવાર છે. પણ એ પોતાના પરિવાર કરતા વિશેષ સમય આપણા પરિવારની સુરક્ષામાં પસાર કરે છે. નવરાત્રી હોય, મેળાના ઉત્સવો હોય, દિવાળી, હોળી, રથયાત્રા, ઈદ કે રાજકીય ઉત્સવો-સમારંભો હોય, પોલીસની સ્થિતિ એકદમ દયાજનક હોય છે. બંદોબસ્તમાં ઘણી વખત આ પોલીસ ઘેર જન્મેલા પોતાના સંતાનનું મોં પણ નથી જોઈ શકતો, કે નવા લગ્ન કરેલા હોવા છતાંય પત્નીને પતિસુખ આપવાને બદલે રાતોની રાતો સુમસામ રસ્તાઓ ઉપર, સોસાયટીઓના નાકે કે કોઈ મંત્રીઓ કે નેતાઓના બંગલાની બહાર ચોકીદારીમાં પસાર કરવી પડે છે. શું આ પોલીસને કડકડતી ઠંડીમાં ઘેર જઈ પત્નીને આલિંગન આપવાનું મન નહી થતું હોય? પોતાના નાના બાળકો સાથે રમવાની ઈચ્છા નહી થતી હોય? આવા તો અનેક સુખોથી વંચિત આ પોલીસના નૌજવાનો હોય છે. મોટાભાગના પોલીસ જવાનો રક્ષાબંધનને દિવસે ઘેર જઈ બહેન પાસે રાખડી પણ નથી બંધાવી શકતા. દિવાળી જેવા મોટા તહેવાર ઉપર પણ પરિવાર સાથે નથી રહી શકતા. અને છતાંય આપણે પોલીસને 'મફતલાલ' કે 'ઠોલો' કે 'ખાખીગૂંડો' જેવા વિશેષણો વાપરીને તિરસ્કૃત કરીએ છીએ. સરહદ ઉપર આમી જવાનો દેશની બહારના દુશ્મનોથી આપણી રક્ષા કરે છે એમને આપણે માન સન્માન આપીએ છીએ. પણ પોલીસને નહી. દેશની બહારના કરતા ખતરનાક દેશની અંદરના દુશ્મનો, અસામાજિક તત્ત્વો, ગૂંડાઓ છે જેનાથી આપણું રક્ષણ આ પોલીસ કરે છે. અને એ માટે કોઈ જાંબાઝ પોલીસ અધિકારીએ એનકાઉન્ટરમાં કોઈ મોટા ગૂંડાને ગોળીથી વિંધી નાખ્યો કે તરત જ બધા માનવ અધિકારીવાદીઓ, સામાજિક કાર્યકરો કે મીડિયા એ પોલીસ અધિકારીનું સન્માન કરવાને બદલે એના વિરુદ્ધ ઝૂંબેશ ઉપાડશે. શું આ મુદ્દો વિચારવા જેવો નથી લાગતો? આ જ પોલીસને આપણી બેદરકારીને લીધે આપણું પર્સ કે ગળામાંથી ચેન કોઈ ખેંચી જાય તો ય પોલીસને ફરિયાદ કરવાની દોષ પોલીસને દેવાનો, તો વળી પતિ-પત્નીના ઝગડા હોય, ભાઈ બહેનના ઝગડા હોય કે માલ મિલકતના ઝગડા હોય કે સ્વભાવગત થયા પડોશી સાથેના ઝગડાઓ હોય, આપણે પોલીસને વચ્ચે લાવીએ છીએ. અને ક્યાંય માહિતી મળે કે ફલાણી જગ્યાએ બોમ્બ મૂકાયો છે તો ય એની તપાસ પોલીસ કરે છે. આમ આપણા પર્સથી લઈને છેક ખૂંખાર આતંકવાદીઓને પકડવાની જવાબદારી આ પોલીસની છે. અને છતાંય આ પોલીસ વિલન? ઠીક છે ક્યાંક ક્યાંક પોલીસમાં દુષણો હશે. પણ એ તો રાજનીતિ, શિક્ષણ, સાહિત્ય અને સમાજ આ બધામાં દુષણો ક્યા નથી? એ બાદ કરતા પોલીસની ફરજનિષ્ઠા, હિંમત, અને મળેલી સત્તાથી આપણી બધા જ પ્રકારની સુરક્ષા યોગ્ય રીતે થઈ રહી છે. અને છતાંય એમનો પગાર સૌથી ઓછો. એ કેમ કોઈ વિચારતું નથી? હું તો અંગત રીતે માનું છું કે દરેક પોલીસનું પગારધોરણ શિક્ષક-અધ્યાપક જેટલું હોવું જોઈએ. જો એમને સારો પગાર મળતો હશે તો ભ્રષ્ટાચાર પણ આપોઆપ ઘટી જશે. ભલે શિક્ષકો કે અધ્યાપકો આખી નવી પેઢીને શિક્ષિત કરીને ઘડે છે.પણ આ પેઢી અને પેઢીને ઘડનાર બૌધિક શિક્ષકો જ સલામત નહી હોય તો શું કરીશું ? દેશને શિક્ષિત કરનાર, દેશને ચલાવનાર, દેશને વૈશ્વિક કક્ષાએ નામના અપાવનાર શિક્ષકો, વૈજ્ઞાનિકો, નેતાઓ, ડોકટરો કે ઉદ્યોગપતિઓની અને એમના પરિવારોની ખડે પગે સુરક્ષા કરનાર પોલીસનો પગાર જ સૌથી ઓછો ? એ આપણા દેશની કેવી વિટંબણા કહેવાય ? જ્યા જ્યા પોલીસની નિષ્ઠા વેચાઇ છે ત્યા ત્યા મોટેભાગે

**અનુસંધાન પાના નં. ૭ પર**